# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

**વિષય:રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ની અમલવારી સંદર્ભે બેઠકમાં સહભાગી થવા બાબત**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ની ચાલુ વર્ષ નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૩–૨૪થી ક્રમશઃ અમલવારી કરવાનું ઠરાવવામાં આવેલ, જે સંદર્ભે માન.કુલપતિશ્રીની આજ્ઞાનુંસાર તા.૨૫/૦૭/૨૦૨૩ મંગળવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓની બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.

સદર બેઠકમાં યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓએ અચૂક હાજરી આપવા વિનંતી છે. બેઠકના મુદ્દાઓની અગત્યતા ધ્યાને લેતા પ્રતિનિધિને ન મોકલવા વિનંતી.

**એજન્ડા : રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ની અમલવારી અર્થે આપની કોલેજોમાં સરકારશ્રી/યુનિવર્સિટીની મંજુરીથી ચાલતા મુખ્ય વિષય,ગૌણ વિષય અને ઈન્ટરડીસીપ્લીનરી/ મલ્ટીડીસીપ્લીનરી વિષયોની માહિતી લેટર હેડ પર સાથે રજુ રાખવી અને તેની એક નકલ એકેડેમિક વિભાગમાં જમા કરાવવાની રહેશે.**

**નોંધ: (૧) પ્રત્યેક કોલેજમાંથી માત્ર આચાર્યશ્રી/ઈન્ચાર્જ આચાર્યશ્રીએ જ ઉપસ્થિત રહેવાનું રહેશે.**
**(૨) કોઈ અનિવાર્ય સંજોગોવસાત આચાર્યશ્રી ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તો પ્રતિનિધી નિયુક્તિ પત્ર( Authority Letter) સાથે પ્રતિનિધીને મોકલી શકાશે.**
**(૩) બેઠક પૂર્ણ થયે ભોજન સાથે લઈશું.**

**બેઠકની તારીખ : ૨૫/૦૭/૨૦૨૩**
**સમય: સવારે ૧૧:૩૦ કલાકે**
**સ્થળ : કોન્ફરન્સ હોલ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY
JUNAGADH

**કા. કુલસચિવ**

**નં. :બીકેએનએમયુ/એકેડેમિક/ ૧૪૭૩ /૨૦૨૩**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૨૦/૦૭/૨૦૨૩

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...
**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)